**કૃપાકરી પ્રસિધ્ધિ માટે** **૧૧ સપ્ટેંબર ૨૦૦૯**

## તારાપૂર પ્રકલ્પગ્રસ્તોનાં પુનર્વસન માટે
## સર્વ સંબંધિતોને સાથે આવવાની ઉચ્ચન્યાયાલય ની સૂચના

**મુંબઈ,શુક્રવાર :** તારાપૂર અણુઉર્જા પ્રકલ્પ ને કારણે વિસ્થાપિત થયેલ અકકરપટ્ટી - પોફરણ ગામનાં પુનર્વસન નો પ્રશ્ન લાંબો સમય ખોરંભાયો હોઈ સર્વ લાગતાવળગતાંઓને એકસાથે બેસી માર્ગ કાઢવો એવી સૂચના કરેલ છે.

ન્યાયમૂર્તી શ્રીમતી રંજના દેસાઈ અને ન્યાયમૂર્તી શ્રી એ.એ.સય્યદની ની ખંડપીઠ સમક્ષ આજરોજ આ સંદર્ભની રિટ અરજી ની સુનાવણી હતી. સંબંધીતોએ પોતાની વાત અંતિમ સ્વરૂપ માં રજૂ કરવી તેવું ખંડપીઠે આ પહેલાં જ સૂચન કરેલ છે. તદ્નૂસાર પ્રકલ્પગ્રસ્તોના વકીલ ઍડ.રાજીવ પાટીલ અને આ ખટલામાં હસ્તક્ષેપ કરનારાં માજી કેંદ્રીય પ્રધાન શ્રી રામ નાઈકે હાલ સૂધી પુનર્વસિત ગામમાં પીવાનાં પાણી ની સગવડ નથી થઈ તે તરફ ન્યાયાલય નું ધ્યાન દોર્યુ હતું. આની પર તાત્કાલીક કાર્યવાહી કરવાનો હુકમ ન્યાયાલયે રાજય સરકાર ને  આપ્યો. ત્યારબાદ કેંદ્ર સરકાર નાં પુનર્વસન ધોરણ ૨૦૦૩ અને ૨૦૦૭ મુજબ આ સર્વ પ્રકલ્પગ્રસ્તોનાં પુનર્વસનનાં ખર્ચાની જવાબદારી ન્યુકિલયર પાવર કૉર્પોરેશનની જ છે,તેવું પ્રતિપાદન શ્રી રામ નાઈકે કર્યુ હતું. રાજય સરાકારની વતી ઍડ.નિતીન દેશપાંડે અને ન્યુકિલયર પાવરકૉર્પોરેશન ની વતી ઍડ.રાજીવ કુમાર,ઍડ.રાજેશ કોઠારી,ઍડ.લોપા મુનીમે પણ પોતાનો પક્ષ ન્યાયાલય સમક્ષ રજૂ કર્યો હતો.

આ પ્રકરણે ન્યાયાલય ને શ્રી રામ નાઈકે કહ્યું કે પ્રકલ્પપીડિતોના સહકાર્ય ને કારણે ૧,૦૮૦ મૅગાવૉટ નિર્માણ થનારાં આ પ્રકલ્પ માં ૫૪૦ મૅગાવૉટ નું પહેલું સંયંત્ર નિયોજીત સમયઅવધીના ૨૩૦ દિવસ પૂર્વે જયારે કે ૫૪૦ મૅગાવૉટ નું બીજું સંયંત્ર સમય અવધીનાં ૧૬૬ દિવસ પૂર્વે કાર્યાન્વિત થયું હોઈ ન્યુકિલયર પાવર કૉર્પોરેશનનાં આશરે ૪૦૦ કરોડ રૂપિયા બચ્યાં છે. તેમજ અંદાજીત રૂ.૬,૫૨૫ કરોનાં ખર્ચ ની બદલે પ્રત્યક્ષ ખર્ચ ૬,૧૦૦ કરોડ અર્થાત રૂ.૪૨૫ કરોડ બચેલ છે. આ રીતે રૂ.૮૨૫ કરોડનો ખર્ચ બચ્યો હોવા છતાંયે ન્યુકિલયર કૉર્પોરેશન કેંદ્ર સરકારનાં ધારાધોરણ મુજબ પ્રકલ્પગ્રસ્તોને આવશ્યક તે લાભાલાભ દેવા ટટળાવે છે.

ત્યરબાદ પ્રકલ્પગ્રસ્તો ના  પુનર્વસન સબંધેનો આ કેસ પાછલાં પાંચ વર્ષ થી ચાલૂ હોઈ વધુ વિલંબ ન થાય માટે શ્રી રામ નાઈક ની સહ આ ખટલામાંનાં  સર્વ વાદી પ્રતિવાદીએ એકસાથે બેસી ચર્ચા કરી માર્ગ કાઢવો અને ૫ ઓકટોબર ૨૦૦૯ નાં ન્યાયાલય સમક્ષ રજૂ કરવો તેવી સૂચના ખંડપીઠે કરી હતી.

**(કાર્યાલય સચિવ)**